# પરિષદ-પ્રમુખનો પત્ર

વિવિધતામાં એકતા એ આપણા દેશની એક ખૂબી છે. અનેક ધર્મો, અનેક ભાષાઓ, અનેક પ્રકારની આબોહવા, અનેક પ્રકારના પહેરવેશ, ખોરાકમાં ભારે વિવિધતા, લગન, મરણ, પૂજનની વિધિઓમાં જાતજાતની ભિન્નતા છતાં આસેતુ હિમાચલ સુધી બધી વિવિધતાઓ વચ્ચેથી વહેતી એકતાની ધારા એ જ આપણી ભારતીયતા. જેમ એકતાનું મહત્ત્વ સમજવાની જરૂર છે, તેમ વિવિધતાનું મહત્ત્વ પણ કાંઈ ઓછું નથી. જેમ એકતાના ભાવ વિના ભારતીયતા ન આવે, તેમ વિવિધતા વિનાય ભારતીયતા ન બને. સર્વધર્મોનો સમાદરભાવે સમાવેશ, સર્વભાષાઓનો સમાગમ આપણને અસલી ભારતીય બનાવે છે.

ગિરા ગુર્જરીને જો વિશ્વગુર્જરી બનાવવી હશે તો આપણે એને સારુ અનેક પ્રકારના પુરુષાર્થ કરવા પડશે. આપણી ભાષાની વિવિધ બોલીઓ, છટાઓ, શૈલીઓનો સમાવેશ ને સમન્વય કરી ગુજરાતીને જેટલી સમરસ કરીશું તેટલી તે ખરી ગુજરાતી બનશે.

બીજું પગલું છે ગુજરાતીને ભારતના વૈવિધ્યથી સમ્પન્ન બનાવવાનું. ભારતની સમગ્ર સંસ્કૃતિને આપણી ભાષા જેટલી આત્મસાત્ કરી શકશે એટલા આપણે વિશ્વસ્તરીણ બનવાને સારુ યોગ્ય બનશું. વિશ્વગુર્જરી બનવાનું વચલું પગથિયું ભારતીય ગુર્જરી બનવાનું છે.

આ કામ અનેક રીતે, અનેક છેડાઓથી કરવાનું છે. વિભિન્ન ભાષાના સાહિત્યકારોના મિલન, આન્તરભારતી ઉત્સવો, વિભિન્ન પ્રદેશોની સાહિત્યયાત્રાઓ, બીજા પ્રદેશોમાંથી આપણે ત્યાં ગુજરાતીનો જ વિશેષ અભ્યાસ કરતા ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓ અને આપણે ત્યાંથી એ જ રીતે અન્ય ભારતીય ભાષાઓનો ઉચ્ચકક્ષાનો અભ્યાસ કરવા જઈ શકે એવી વ્યવસ્થા ઊભી કરવી, વગેરે સંખ્યાબંધ કામો કરવા જેવાં છે. આમાંનાં કેટલાંક આજે પણ થાય છે. તેને વધુ સુનિયોજિત અને સુગ્રથિત કરવા જેવાં છે. પણ આ પત્રમાં તો મારે મુખ્યત્વે ભાષાન્તરો, તેમાંયે બીજી ભારતીય ભાષાઓમાંથી ગુજરાતી ભાષામાં કરવાનાં ભાષાન્તરો વિષે કેટલાક વિચારો વહેતા મૂકવા છે. આપણી ભાષામાં આપણા દેશની બધી ભાષાનું ઉત્તમ સાહિત્ય અનુવાદ સ્વરૂપે અવતરે એ જરૂરી છે. બેએક દાયકા પહેલાં બંગાળી, મરાઠી અને હિંદી સાહિત્યનાં ઘણાં ઉત્તમ પુસ્તકો આપણે ત્યાં આવ્યાં. પણ હાલમાં એ ગતિ થોડી મંદ પડી ગઈ છે. અને એનો અર્થ એ નથી કે એ ભાષાઓમાં ઉત્તમ સાહિત્ય સર્જાતું નથી. એ તો આપણે ત્યાંની ભાષાન્તર વિષેની શિથિલતા જ સૂચવે છે. અંગ્રેજીનું ઉત્તમ સાહિત્ય ગુજરાતીમાં ઊતરવું જ જોઈએ. પણ એટલાથી સમાધાન કરીને બેસી ન રહેવાય. ગુજરાતી ભાષાએ પોતાની પ્રગતિ અર્થે જે અનેક પગલાં ભરવા જેવાં છે, તેમાં એક મહત્ત્વનું પગલું ભારતના ઉત્તમ સાહિત્યને ગુજરાતી વાચક પાસે પહોંચાડવાનું છે. એ વાત તો કોઈ હિસાબે વિસારી ન શકાય તેવી છે.

આ કામની શરૂઆત 'પરબ'માં દર અંકે ઓછામાં ઓછી એક કૃતિ ભારતની અન્ય ભાષામાંથી સીધી ગુજરાતીમાં ઉતારીને કરવી જોઈએ. ગુર્જરભારતીના સમગ્ર કાર્યક્રમનાં કેટલાંક અન્ય બિંદુઓ નીચે મુજબનાં હોઈ શકે :

(અ) અત્યાર સુધીમાં ગુજરાતી ભાષામાં બીજી ભારતીય ભાષાઓમાંથી અનુવાદિત

થઈને આવેલા સાહિત્યની પ્રારંભિક સૂચિ બનાવવી. આ કામમાં કોઈ ગ્રંથાલયો, શોધસંસ્થાઓ કે રસ ધરાવનાર સાહિત્યરસિકો લાગી શકે. આ યાદી કદાચ તરતોતરત સંપૂર્ણ ન બને, અને એ આગળ ઉપર વધતી રહે. પણ જો આપણને એક વાર એ વાતનો અંદાજ આવી જાય કે અનુવાદ બાબત ભૂતકાળમાં કેટલું અને કેવું કામ થઈ ચૂક્યું છે, તો ભવિષ્યમાં કેવા પ્રકારનું કામ ઉપાડવાનું છે એનો પણ ખ્યાલ આવે.

(आ) અનુવાદના કામમાં જેમને રસ હોય, જેમની આવડત હોય અને જેમની સમય આપવાની તૈયારી હોય એવા લોકો અંગે માહિતી ભેગી કરવી – આવો રસ, આવડત કે અનુભવ ધરાવનારાં વ્યક્તિઓ પોતાનાં નામઠામ વગેરે માહિતી મને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી, ૩૯૪ ૬૪૧ ને સરનામે મોકલાવી આપે અને તેમાં પોતે કઈ ભાષામાંથી ગુજરાતીમાં ભાષાન્તર કરવા હોંશ ધરાવે છે, એ જણાવે તો આગળ ઉપરનું કામ ઉપાડવામાં એ ઉપયોગી થઈ પડે.

(इ) દેશની જુદી જુદી ભાષાઓમાં અનુવાદ કરવા લાયક પુસ્તકોની યાદી બનાવવાની શરૂઆત કરવી. અલબત્ત, આ યાદી પણ ક્રમશઃ વધતી જશે. પણ એક વાર બેચાર ભાષાઓની પણ આવી યાદીઓ બનવા માંડે તો અનુવાદનું કામ વ્યવસ્થિત રીતે ઉપાડવાની શરૂઆત કરી શકાય.

(ई) ભાષાન્તરો વિષે સૂઝ રાખનારા અને અનુભવી લોકોની નાનીસરખી એક મંડળી બને જેનું માર્ગદર્શન ભાષાન્તરપ્રવૃત્તિને મળી રહે.

(उ) અનુવાદના કામનું પ્રશિક્ષણ આપી શકે એવી વ્યવસ્થા પણ ઊભી થઈ શકે. એમને ઉપયોગી થાય એવા કોશો કે સંદર્ભગ્રંથોની કે દશ્યશ્રાવ્યની સગવડ ગોઠવાય.

(ऊ) ભાષાન્તર શિબિરો ગોઠવાય, જેમાં નવોદિતોને અનુભવીઓની સલાહસૂચના અને માર્ગદર્શન પણ મળે અને શિબિર દરમિયાન પ્રત્યક્ષ ભાષાન્તરનું કામ પણ થઈ શકે.

(ए) ભારતભરમાંથી ઉત્તમ સાહિત્ય ગુજરાતીમાં ઊતરતું હોય તો તેને પ્રસિદ્ધ કરવા ગુજરાતી પ્રકાશકો પણ જરૂર તૈયાર થાય. આવાં પ્રકાશનમાં રસ હોય તેવા પ્રકાશકો અમારો સંપર્ક કરે એવી વિનંતી.

(ऐ) તૈયાર થયેલાં ભાષાન્તરોને ચોકસાઈથી તપાસી અને ચકાસી જોવાની વ્યવસ્થા ઊભી કરવી. એક કે વધુ જાણકાર લોકોના ચોક્કસ નિરીક્ષણ હેઠળથી પસાર થયા પછી જ ભાષાન્તર પુસ્તકાકારે પ્રસિદ્ધિ અર્થે પ્રકાશક પાસે જાય.

ઉપર જણાવેલી તમામ પ્રવૃત્તિઓ અને ભાષાન્તરને આનુષંગિક બીજી પ્રવૃત્તિઓ સારુ આર્થિક ભંડોળ પણ ભેગું કરવું પડે. અને કમ સે કમ આ પ્રવૃત્તિ ખોટમાં ન ચાલે એટલી તો કાળજી રાખવી પડે.

(ओ) આખી ભાષાન્તર-પ્રવૃત્તિને પ્રેરણા, પ્રોત્સાહન કે પોષણ આપવાની કોઈક ને કોઈ સાહિત્યિક સંસ્થા જવાબદારી લે અથવા આ જ કામને ધ્યાનમાં રાખીને નવી સંસ્થા ઊભી કરવામાં આવે.

(औ) માતૃભાષાની સેવામાં રસ હોય એવા દાનદાતાઓ આ આખી પ્રવૃત્તિનું ખરચ ઉપાડવા સારુ પોતાની હોંશ અને શક્તિ મુજબ દાન આપે.

અંગ્રેજી ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવા સારુ આજકાલ આપણા સુશિક્ષિત



સમાજમાં જે પ્રકારનું વાતાવરણ ખડું થઈ રહ્યું છે તે ગમેત્યારે પણ આપણી માતૃભાષાના અસ્તિત્વને જોખમમાં મૂકી શકે એમ છે. અંગ્રેજી કે બીજી કોઈ ભાષા વિશ્વભાષા બને તો આખી દુનિયાના વેપારીઓ કે પ્રવાસીઓને થોડી સગવડ થાય. પણ વિશ્વભાષા કાંઈ સેંકડો માતૃભાષાઓની ભક્ષક બની શકે ખરી ? આજે ગુજરાતી ઉપરાંત બીજી પણ ભારતીય ભાષાઓ પર આ ઝેરી હવાની અસર થતી જણાય છે. તેથી અંગ્રેજી માધ્યમ એ માત્ર ગુજરાતને જ નહીં પણ આખા દેશને સારુ જોખમરૂપ નીવડી શકે એમ છે. એનો આખા દેશે એકી અવાજે વિરોધ કરવો હોય તો સૌ દેશવાસીઓએ એકબીજાની ભાષા અને સાહિત્યનો પરિચય કેળવવો જોઈએ. ભાષાન્તર-પ્રવૃત્તિ આ જોખમમાંથી આપણને બચાવવાનું એક અસરકારક સાધન થઈ શકે.

થોડા દાયકાઓ પહેલાં સુધી ફ્રેંચ ભાષા આખા યુરોપ ખંડની પરસ્પર- વ્યવહારની ભાષા તરીકે ચાલી શકે એવી ભાષા ગણાતી હતી. હવે તેનું સ્થાન ધીરે ધીરે અંગ્રેજી ભાષા લેતી હોય એમ લાગે છે. પણ ખૂબી એ છે કે આવી કોઈ વધુ પ્રભાવશાળી ભાષા જુદા જુદા દેશોની ભાષાઓને હજમ કરી જઈ શકતી નથી. યુરોપ આખામાં અને દુનિયાના દરેક પ્રગતિશીલ દેશમાં શિક્ષણનું માધ્યમ તે તે દેશની માતૃભાષા જ છે. અને નાનકડા દેશોમાં ગમે તેટલા ઓછા લોકો એ ભાષા બોલતા કે લખતા-વાંચતા હોય તો પણ, તે દેશની ભાષાની સાહિત્ય  જ એની અસ્મિતા જાળવી રાખે છે. સ્વીડિશ, નૉર્વેજિયન, અર્બો ક્રોશિયન કે રોમાનિયન સાહિત્યની તેજસ્વિતા અંગ્રેજી, ફ્રેંચ કે રશિયન ભાષાના તેજથી ઝાંખી પડી નથી. એનું મુખ્ય કારણ તે તો ભાષા-ભાષીઓનો પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને આગ્રહ છે. આપણા દેશની અનેક ભાષાઓનાં સાહિત્ય આ ભાષા કરતાં ઘણો વધુ પ્રાચીન ઐતિહાસિક વારસો ધરાવે છે અને એ સાહિત્યની ગુણવત્તા પણ વિશ્વસ્તરીણ છે. છતાં અંગ્રેજી ભાષાને માધ્યમ બનાવવાની ઘેલછા એ ભાષાઓને સમૂળગી લુપ્ત કરે તેવું જોખમ ઊભું કરે છે અને ભાષા જોડે તે તે સહિત્ય સાથે સંકળાયેલી ભારત દેશની આખી સંસ્કૃતિ પણ ભૂંસાઈ જાય એવું જોખમ ઊભું થાય છે. આ સાંસ્કૃતિક જોખમમાંથી બચાવવા દેશની એક ભાષામાંથી બીજી ભાષામાં ઉત્તમ સાહિત્યને અનૂદિત કરીને ઉતારવાની પ્રવૃત્તિ ચોક્કસ ઉપયોગી થઈ પડે એમ છે. આખા દેશની અનોખી એકતા એ દેશની અનુપમ વિવિધતાને પોષક બનવી જોઈએ, મારક નહીં. અને તેમ કરવું હોય તો દરેક ભાષા દેશની અન્ય ભાષાઓમાંથી ઉત્તમ સાહિત્યને પોતાના સાહિત્યનો અવિભાજ્ય ભાગ બનાવે એ જ છે.

આ આખી ભાષાન્તરપ્રવૃત્તિ વિષે પાઠકોના અભિપ્રાયો અને એમનાં સૂચનોનું સ્વાગત છે. આ કામમાં પોતે કઈ નક્કર રીતે મદદરૂપ થઈ શકે છે એની પણ જો વાચકો જાણ કરશે તો તેમાંથી આ કામ સંગઠિત, સુનિયોજિત અને સુવ્યવસ્થિત બની શકશે. આ લેખના જો પૂરતા હકારાત્મક પ્રતિભાવો આવશે તો ભાષાન્તર પ્રવૃત્તિને આગળ ધપાવવા સારુ કાંઈક નક્કર પગલાં પણ ભરી શકાશે.

મહાગુજરાતની સ્થાપનાને આ વર્ષે પચાસ વર્ષ થશે. એ નિમિત્તે અનેક પ્રકારની ઉજવણીઓ વિચારાઈ રહી છે. સાહિત્યરસિકો આ વર્ષે પચાસ ઉત્તમ અનુવાદો આપવાનો નિર્ધાર કેમ ન કરી શકે ?

**નારાયણ દેસાઈ**